# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દાહોદ દ્વારા મહિલા કૃષિ દિવસની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલિયા ફાર્મ, દાહોદ અને આનંદી સંસ્થા, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે તારીખ ૧૫.૧૦.૨૦૧૮ના રોજ શ્રી વાલ્મીકી આશ્રમ શાળા, ડાભવા ગામે મહિલા કૃષિ દિવસની ઉજવણી કરવામાં આવેલ. આ કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા અને અધ્યક્ષશ્રી, ડૉ. યુ. એમ. પટેલ તેમજ કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રીમતી સોમાબેન, રાષ્ટ્રીય કો-ઓર્ડીનેટર, મહિલા કિસાન અધિકાર મંચ, આનંદી સંસ્થા, નવી દિલ્હી, દ્વારા પ્રાસંગિક ઉદ્દબોધન કરી કાર્યક્રમની શરૂઆત કરી હતી. આ કાર્યક્રમમાં આરતીબેન, નિયામકશ્રી, ગુજરાત ઇન્સ્ટીટ્યુટ ઓફ ડેવલપમેંટ રીસર્ચ સંસ્થા, અમદાવાદ, નીમીકાબેન ઝુલીયા, ઇટલી, હેમાબેન, દેવગઢ બારીઆ કો-ઓર્ડીનેટર, સૃષ્ટી સંસ્થા, તરૂબેન, દેવગઢ બારીઆ કો-ઓર્ડીનેટર, આનંદી સંસ્થા તેમજ રતનમહાલ સજીવ ઉત્પાદન મંડળીના પ્રમુખશ્રી અને ઉપપ્રમુખશ્રી હાજર રહી પોત-પોતાના કામો અને અનુભવો, આવેલ મહિલાઓ સમક્ષ રજુ કરેલ હતા.

કાર્યક્રમના બીજા ભાગમાં પ્રો. એન. કે. રાઠોડ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા શિયાળુ પાકોમાં જૈવિક રોગ-જીવાત નિયંત્રણ, ડો. આર. રાધા રાની, વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન)એ પશુઓમાં આહાર વ્યવસ્થાપન, પ્રો. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત) દ્વારા શાકભાજી પાકોમાં સજીવ ખેતી અને માર્કેટીંગ અંગેની સમજ તેમજ પ્રો. એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન)એ જૈવિક ખાતરોની ઉપયોગીતા વિશે સમજ આપેલ હતી.

આ કાર્યક્રમમાં દેવગઢ બારીઆ તાલુકાના ૪૨ ગામોમાંથી કુલ ૪૦૪ ખેડુતો, જેમાં ૩૮૦ મહિલાઓ અને ૨૪ ખેડુતોભાઇઓ ઉત્સાહભેર ભાગ લીધેલ.



ડૉ. યુ. એમ. પટેલનુ ઉદ્દભોદન



પ્રો. એન. કે. રાઠોડનુ ઉદ્દભોદન



પ્રો. એચ. એલ. કાચાનુ ઉદ્દભોદન



પ્રો. એન. ડી. મકવાણાનુ ઉદ્દભોદન